R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં. (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 22/23 DATE: 08-06-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦(૩૦૮) સોનિયા
એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારમાં સત્તાવાર બે નંબરનું સ્થાન મેળવતા અમિત શાહ : ગૃહપ્રધાન તરીકે તેઓએ શપથ ગ્રહણ કર્યા



૧૭મી લોકસભાની ચુંટણીમાં ભારે બહુમતીથી વિજય હાંસલ કર્યા બાદ નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન તરીકે દેશનું સુકાન સંભાળતા તેમના નવા સાથીદારોને દેશના વહીવટી તંત્રમાં કામગીરી કરવા માટે નીમ્યા છે.જેમાં ભાજપના અધ્યક્ષ અને ચુંટણીમાં માત્ર બે જ ચેહરાઓથી જીત મેળવનારાઓ પૈકી અમિતભાઈ શાહ મુખ્ય હતા.તેમને નરેનદ્ર મોદીએ દેશનું મહત્વનું ખાતુ ગૃહખાતું સોપ્યું છે.આ પહેલા ગૃહખાતું રાજનાથસિંહ સંભાળતા હતા તેમને સંરક્ષણ મંત્રાલયનો હવાલો સોપવામાં આવ્યો છે.જેમને ગૃહમંત્રાલયનો હવાલો સોપાય તેને વડાપ્રધાન પછીનું બીજુ સ્થાન માનવામાં આવે છે.

અમિતભાઈ શાહ માટે હવે કેટલાક પ્રશ્નો છે તેને સુલટાવવાના છે.જેમાં કાશ્મીરમાં શાંતિપુર્ણ ચુંટણી,કલમ ૩૭ ૦ અને કલમ ૩૫એ રદ કરવા અંગેના નિર્ણયો લેવાના છે.તેમના પાસે અન્ય મહત્વના પડકારો છે તેમને પહોચી વળવા માટે કામગીરી કરવાની છે.કાશ્મીર,પુર્વોત્તરથી આતંકવાદ્ને દેશમા નકસલવાદમાંથી માર્ગ કાઢીને શાંતિ સ્થાપવાની છે.એનઆરસીનો અમલ કરીને ભારતીય નાગરિકોને સત્તાવાર નાગરિકતા આપવાની છે. છત્તીસગઢ,ઓડિશા,બિહારઅને ઝારખંડના નકસલવાદને નાથવાનો છે જેના કારણે આપણા દેશના અનેક જવાનો હોમાઈ ગયા છે.ભાજપનો એજન્ડાનો મહત્વપુર્ણ અમલ કરવાનો છે.નવી સરકારને માટે અનેક પ્રશ્નો સામે ઝઝુમવાનું છે.

## પુર્વ વિદેશ સચિવમાંથી વિદેશ પ્રધાન બનનાર પહેલા જયશંકર



વડાપ્રધાન મોદીની સરકારમાં વિદેશ પ્રધાન તરીકે જયશંકરનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેઓ પુર્વ વિદેશ સચિવ તરીકે અગાઉ કામ કરતા હતા. સુષમા સ્વરાજ અગાઉ વિદેશ મંત્રાલય સંભાળતા હતા. તેઓએ પોતાની નાદુરસ્ત તબીયતને કારણે ચુંટણી લડ્યા નહોતા. અને કેબિનેટમાં રહેવા પણ અનિચ્છા દર્શાવી હતી.મોદીએ નવી સરકારમાં કેટલાક નિષ્ણાતોને સ્થાન આપવાનું મન મનાવ્યુ હતું તેમ મનાય છે. જયશંકર અમેરિકા,ચીન, અને રશિયાની વિદેશ નીતીના નિષ્ણાંત છે. ચીન સાથેના ડોકા લા વિવાદ તેમજ અમેરિકાની સાથે નાગરિક પરમાણુ કરાર અને સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનો પક્ષ રાખવાની તેમણે મહત્વની ભુમિકા ભજવી હતી.વિદેશ સચિવ તરીકે પદેથી નિવૃત થયા ના ૧૬ મહિના બાદ તેમને વિદેશ પ્રધાની જવાબદારી સોપાઈ છે.આ વર્ષે તેમને પધ્મશ્રીનો એવોર્ડ અપાયો હતો.તેમની વિદેશ સચિવ દરમિયાનની કામગીરીમાં તેમણે ૨૦૧૫ થી ૨૦૧૮ સુધીમાં દેશની વિદેશ નીતિ ઘડવામાં તેમનું મહત્વનું યોગદાન રહ્યુ હતું.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## જીડીપી દર પાંચ વર્ષના તળીયે,બેરોજગારીનો દર ૪૫ વર્ષના ટોચે

વર્ષ ૨૦૧૮-૧૯નો જીડીપી વૃધ્ધિ દર ૬.૮ ટકા,બેરોજગારી દર ૬.૧ટકા . જીડીપી વૃધ્ધિદર ૫.૮ ટકા થયો, આઈઆઈપી વૃધ્ધિ ઘટીને ૦.૧ ટકા થયો. સરકાર રચાયાના બીજા જ દિવસે આર્થિક મોરચે માઠા સમાચાર આવ્યા છે. ૨૦૧૮-૧૯ના જાન્યુઆરી -માર્ચના ત્રિમાસિક ગાળામાં દેશનો જીડીપી વૃધ્ધિ દર ઘટીને ૫.૮ ટકા પર પહોચ્યો હતો.દેશના કૃષિ,ઉદ્યોગ અને ઉત્પાદનક્ષેત્રે છેલ્લા નવ મહિનામાં ઘટાડાને કારણે આ સ્થિતિ સર્જાઈ છે.૨૦૧૮-૧૯ના સંપુર્ણ વર્ષ માટે આર્થિક વૃધ્ધિ દર ૬.૮ ટકા હતો જે અગાઉના નાણાકીય વર્ષના ૭.૨ ટકા કરતાં ઓછો હતો.એમ સેન્ટ્લ સ્ટેટેટિક્સ ઓફિસ દ્વારા જારી કરાયેલા આંકડાઓમાં દર્શાવાયું હતું. આ સાથે જ જીડીપી દર પાંચ વર્ષના તળીયે પહોચી ગયો છે. બીજી તરફ બેરોજગારીના મુદ્દે પણ સરકારને મોટો ફટકો પડ્યો છે. તાજેતરમાં જારી કરવામાં આવેલા આંકડા પ્રમાણે વર્ષ ૨૦૧૮-૧૯નો બરોજગારી દર ૬.૧ ટકા થયો છે. આ દર ૪૫ વર્ષની ટોચે છે.ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલાં જ સરકારે આ આંકડા ફગાવી દીધા હતા. અને હવે તેનો સ્વીકાર કરી લીધો છે.

માર્ચના ત્રિમાસિક ગાળા માટે ૬.૫ ટકાના વૃધ્ધિ દરના અંદાજ અને ૨૦૧૯ના નાણાંકીય વર્ષ માટે ૭.૧ ટકાના અંદાજ કરતાં જારી કરાયેલા આંકડામાં પ્રમાણમાં ઘણો તફાવત જોવા મળે છે. ૨૦૧૮-૧૯ના વર્ષ માટે દેશની રાજકોશીય ખાદ્ય જીડીપીના ૩.૪ ટકા(૬.૪૫ ટ્રીલીયન) હતી જે વચગાળાના બજેટના અંદાજની આસપાસ હતી તે ઉપરાંત ખર્ચ રુ.૨૩.૧ ટ્રીલયન હતો જેની સામે સુધારિત અંદાજ રુ. ૨૪.૧ ટ્રીલીયનનો મુકાયો હતો.

૨૦૧૯ના એપ્રિલ દરમિયાન આઠ મહત્વના માળકાકીય ઉદ્યોગોમાં વૃધ્ધિ દર ૨.૬ ટકા જોવાયો હતો. જે માર્ચમાં ૪.૯ ટકા હતો. ૨૦૧૮-૧૯ના એપ્રિલ-જુન અને જુલાઈ-સપ્ટે.ના ત્રિમાસિક ગાળામાં જીડીપીના આંકડામાં સુધારો કરીને અનુક્રમે ૮ ટકા અને ૭ ટકા કરવ ામાં આવ્યા હતા. ઔદ્યોગિક ઉત્પાદન દર ફેબ્રુઆરીમાં ઘટીને ૦.૧ ટકા થવા સાથે ૨૦ મહિનાને તળીયે પહોચી હતી. ઉત્પાદનક્ષેત્રે ઘટાડાને કારણે આ સ્થિતિ સર્જાઈ હતી.

કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને નોન કન્ઝ્યુમરર્સ ડ્યુરેબલ્સમાં અનુક્રમે ૧,૨ ટકા અને ૪ ટકા વૃધ્ધિ અનુભવાઈ હતી.માર્ચ મહિનામાં રિટેલ ફુગાવો સહેજ વધીને ૨.૮૬ ટકા થયો હતો. જે ફેબ્રુઆરીમાં ૨.૫૭ ટકા હતો.વર્તમાન વર્ષે ફેબ્રુઆરીમાં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ આધારિત રિટેલ ફુગાવો ૨.૫૭ ટકા હતો જે ગયા વર્ષે માર્ચમાં ૪.૨૮ ટકા હતો.ખાદ્ય ચીજવસ્તુઓનો એકંદરે ફુગાવો માર્ચમાં વધીને ૦.૩ ટકા થયો જે ફેબ્રુઆરીમાં ૦.૬૬ ટકા ઘટ્યો હતો.જાણકારોના મતે ત્રિમાસિક જીડીપી મુદ્દે ભારત હવે વિશ્વની સૌથી ઝડપી અર્થવ્યવસ્થા રહ્યો નથી. ચીને તેને પછાડીને આ સ્થાન મેળવી લીધું છે.

## એનડીએના સાથી પક્ષ અપનાદળના નેતા સરકારમાં સામેલ ન થયા

એનડીએના સાથી પક્ષ અપના દળના નેતા અનુપ્રિયા પટેલ મોદી સરકારના મંત્રીમંડળમાં જોડાવાનો ઈન્કાર કરી દીધો હતો કેમકે તેમને માત્ર રાજ્ય કક્ષાના મંત્રીપદની ઓફર કરાઈ હતી.અપનાદળ(એસ)ના પ્રમુખ રમાકાંત પટેલે કહ્યુ હતું કે અમે આશા રાખતા હતા કે અનુપ્રિયા પટેલ ગત વખતે રાજ્યકક્ષાના મંત્રી હતા તેથી આ વખતે તેઓને કેબિનેટનો દરજ્જો મળશે કે સ્વતંત્ર હવાલો સોપવામાં આવશે.પરંતુ એવું થયું નથી.અપના દળ તરફથી જણાવાયુ હતું કે જણાવાયુ હતું કે વડાપ્રધાનને પોતાના મંત્રીમંડળની પસંદગીનો અધિકાર છે.અને અમારી પાર્ટી એનડીઓનો હિસ્સો છે અને રહેશે.આ પહેલા એનડીએના સાથી જેડીયુએ પણ આજ મામલે મંત્રીમંડળમાં સામેલ થવાનો ઈન્કાર કર્યો હતો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

સુરતમાં ફાયરસેફટીની વ્યવસ્થા વિના ધમધમતા ટયુશન કલાસીસમાં લાગેલી આગથી ત્યાં અભ્યાસ કરી રહેલા ૨૧ વિદ્યાર્થીઓ કરુણ રીતે મોતને ભેટ્યા હતા.વરાછા પાસેના સરથાણા વિસ્તારના તક્ષશીલા આર્કેડ બિલ્ડીંગમાં ચોથે માળે શોટ સર્કીટને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક કારણ જણાય છે.મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ ગભરાઈને કુદી પડતાં મોતને ભેટ્યા હતા.વિકાસની વાતો કરતી સરકાર પાસે આવા સમયે બચાવના સાધનોની કમી વર્તાઈ હતી.ત્યારબાદ સરકારે જે ઝડી વરસાવી તેના કારણે ઉંઘતા તંત્રના બેદરકાર અધિકારીઓની ઉંઘ ઉડી. પરંતુ ત્યાં સુધીમાં ૨૧ વિદ્યાર્થીઓના ભાવિ મોતમાં તબદીલ થઈ ગયાં.જેમના માં-બાપ જેઓના સપના આ બાળકો સાથે જોડાયેલા હતા તે વેરવિખેર થઈ ગયા.

રાજ્ય સરકારે તાત્કાલિક ફરમાનો જારી કરતાં અનેક ટ્યુશન ક્લાસીસો પર તવાઈ બોલાઈ ગઈ. સાથે સાથે અનેક ઈમારતોના ધાબા ઉપર અને ભોયરામાં ગેરકાયદેસર બંધાયેલા બાંધકામો દુર કરવા માટે ફટાફટ આદેશો અપાયા. કેટલાક લોકોના મોત બાદ તંત્ર તેની બેદરકારીમાંથી જાગે તે અજુગતું લાગતું નથી. ભ્રષ્ટાચાર આદરીને ગેરકાયદેસર બનતા બાંધકામોમાં જેટલા જવાબદાર બાંધકામ કરનારા છે તેટલા જ તે વિસ્તારના અધિકારીઓને ગણી શકાય. અને જે મોત નિપજ્યા છે તેની જવાબદારી તેમના શીરે મારી શકાય.

રાંડ્યા પછીનું ડહાપણ સરકારને થાય છે તે આપણે આપત્તિ કે થતી હોનારતો બાદ જોઈ શકીયે છીએ.મોતના બદલે તેમના પરિવારજનોને નાણાંકીય સહાય આપી તે ઓછી ક્રુરતા ના કહેવાય ? આ તો સરકાર પોતાની જવાબદારી નહી નિભાવવાનો દંડ ભરે છે. જો કે આ દંડ જેમણે આ ભ્રષ્ટાચાર આદર્યો છે તેમની મિલ્કતો વેચીને કે તેમાંથી વસુલ કરીને મોત પામનારાઓના પરિવારજનોને આપવો જોઈએ.

અનેક જગ્યાઓ પર ફાઈબર શેડ બાંધીને તેને કોર્મશયલ રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.ફાયબર શીટમાં આગ લાગવાની થતી ધુમાડો ઝેરી હોવાને કારણે લોકોના મોત વધુ થાય તેવું કહેવામાં આવે છે.આ પહેલાં પતરાની શીટો વપરાતી પરંતુ આ ફાઈબર સીટો પતરાં કરતાં વધુ સસ્તી બનતી હોય છે અને ઝડપથી બાંધકામ કરવામાં સરળ પડે છે.

વધુ ઝડપથી નાણાં કમાવાની હોડમાં ઉતરેલા સહુ કોઈને આ બાબતે આપણે એટલી સલાહ તો આપી શકીએ કે તમે રુપીયા કમાવો તેનો અમને કોઈ રંજ નથી પરંતુ તેના કારણે લોકોને પોતાના જાનથી હાથ ધોવા પડે તેવું તો ના જ થવું જોઈએ.સરકાર કેસો કરશે, થોડા દિવસ જેલમાં મોકલશે,કોર્ટમો કેસો ચાલશે અને પુરાવાની અછતને કારણે કસુરવારો છુટી જશે. પરંતુ તંત્ર સુધરશે તેવું માની લેવું અઘરુ છે કારણકે તેમને કોઈ અસર થવાની નથી.તાત્કાલિક તેમને દોડાદોડી થાય, જ્યાં સુધી મીડીયા તેની ઉપર ચર્ચા કરે કે તેના સમાચારો છાપે પરંતુ ત્યાર બાદ બધું શાંત પડી જશે.માત્ર જેમણે પોતાના વહાલસોયા સંતાનો ખોયા છે તેઓ આખી જીદંગી તેનો માતમ મનાવશે.

---

માછલીની આંખો પર પાંપણ હોતી નથી.
કાકાકૌઆ તેની કલગીનો ઉપયોગ એકબીજાને ઇશારો કરવા માટે કરે છે.
વીછી રણ પ્રદેશમાં ૧૧૬ ડીગ્રી ફેરનહીટ જેટલી ગરમીમાં પણ જીવતો રહી શકે છે.
મહમંદ ગઝનીએ સોમનાથ મંદિરની લુંટમાંથી ગઝની શહેરમાં યામીની યુનીવરસીટીની સ્થાપના કરી હતી.એણે લુંટના પૈસા કાબુલ શહેરને ખુબસુરત બનાવવામાં વાપર્યા હતા.
થાઈલેન્ડમાં પરીક્ષામાં ચોરી કરવા માટે, ત્યાંના કાનુનમાં કોઈ સજાની જોગવાઈ નથી.
ભારતમાં ટપાલખાતામાં પીનકોડની પ્રથાની શરુઆત ૧૯૭૨થી અમલમાં આવી હતી.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
**નીલા સી.ગામડીયા**
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૫૧)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧૦૮ | ડીપ્લોમાં ઈલેકટ્રીકલ એન્જી.(આયર્લેન્ડ) | ૩૦-૬-૮૪ | - | મેથો. | કુંવારા |
| ૧૦૯ | બીઈ.આઈટી કો. એન્જી.(પોલેન્ડ) | ૨૦-૧૧-૯૪ | ૫૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૧૦ | એમ.એસ.(અમેરિકા) | ૧૧-૨-૮૮ | ૩૦૦૦ડોલર | સા.આર્મી. | કુંવારા |
| ૧૧૧ | બીકોમ.(ડિપ્લો.ટેક્ષ-લો.)(દુબાઇ) | ૨૮-૮-૮૮ | ૬૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૧૨ | લો.એન્ફોર્સમેન્ટ એકેડેમી(અમેરિકા) | ૧૯-૧૨-૯૬ | - | મેથો. | કુંવારા |
| ૧૧૩ | બીઈ.માસ્ટર ચાલુ(ઓસ્ટ્રેલીયા) | ૧૯-૧૨-૯૪ | - | સીએનઆઇ | કુંવારા |
| ૨૨ | બીઈ.આઈટી એમઈઆઈટી(ઓસ્ટ્રેલીયા) | ૧૨-૩-૮૬ | ૪ લાખ | આર.સી. | છુટાછેડા |
| ૫૨૬ | એમ એસ ડબલ્યુ. | ૩૦-૧૨-૮૬ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૨૭ | બીઈ એન્જી.(ઈસી) | ૧૪-૧૨-૯૪ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૨૮ | બીટેક.આઈટી | ૨૪-૧૧-૮૯ | ૧૩૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૨૯ | સોફ્ટવેર એન્જી. | ૨૯-૧૨-૯૩ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૩૦ | બીબીએ.હોસ્પી. મેનેજમેન્ટ | ૭-૧૦-૯૦ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૩૧ | બીએ,બીપીએડ.જીએનએમ ચાલુ. | ૩-૯-૮૭ | ૨૪૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૫૩૨ | ડીપ્લોમાં મીકેનીકલ એન્જી. | ૨૬-૮-૮૫ | ૬૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૫૩૩ | બીઈઆઈટી | ૧૮-૨-૮૯ | ૪૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૩૪ | એમબીએ(ફાયનાન્સ) | ૨૦--૧૦-૮૯ | ૩૦૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૫૩૫ | એમએ બીએડ એમફિલ | ૨૭-૭-૭૯ | ૫૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૩૬ | એસએસસી. બીએડ | ૨૩-૫-૯૧ | ૨૦૦૦૦ | આઇ.પી. | કુંવારા |
| ૮૪૨ | બીએ.અંગ્રેજી,સ્ટેનોગ્રાફર | ૨૩-૧-૮૨ | ૧૮૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૮૪૩ | ડીપ્લોમાં. ઇન ઇ.સી. | ૧૩-૪-૯૨ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૪૪ | ડીપ્લોમા ઈન ઈસી | ૨૭-૯-૯૦ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૦ | ૧૨ પાસ | ૧-૧૨-૮૪ | ૧૫૦૦૦ | આર.સી. | વિકલાંગ |
| ૩૩૯ | ડિપ્લોમાં ઇન રેડીયોલોજી | ૧૧-૭-૮૯ | ૧૮૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૯ | બીએ | ૧૮-૧૦-૯૧ | ૨૦૦૦૦ | આર.સી. | વિકલાંગ |
| ૩૪૦ | મીકેનીકલ ડ્રાફ્ટસમેન | ૧૨-૫-૮૮ | ૨૧૫૦૦ | મેથો. | છુટાછેડા |
| ૩૪૧ | એમબીએ (એમઆર) | ૧૩-૯-૮૩ | - | આર.સી. | છુટાછેડા |
| ૩૪૩ | બીએ.પીટીસી.આઇટીઆઇ | ૩-૩-૮૭ | ૨૦૫૦૦ | સીએનઆઇ | છુટાછેડા |

## ★ યુવતીઓ (૫૧) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૨ | એમ.બી.એ.આઇ.ટી(અમેરિકા) | ૧૧-૧-૮૮ | - | સીએનઆઇ | કુંવારી |
| ૬૩ | બીસીએ,નેટવર્કીંગ કોમ્પ્યુ.(ન્યુઝીલેન્ડ) | ૩૦-૬-૯૪ | - | મેથો. | કુંવારી |
| ૬૪ | એમએસસી(બાયો.) કેનેડા | ૨૦-૮-૯૦ | ૨ લાખ | આર.સી. | કુંવારી |
| ૩૭ | બીઈ કોમ્પ્યુ. એન્જી. (અમેરિકા) | ૨--૬-૮૬ | ૩ લાખ | આર.સી. | કુંવારી |
| ૪૭ | બીઈ. આઈટી (કેનેડા) | ૨૭-૧૨-૮૯ | ૨ લાખ | આર.સી. | કુંવારી |
| ૫૩૪ | એમ.બી.એ. | ૬-૯-૯૫ | - | મેથો. | કુંવારી |
| ૫૩૫ | જી.એન.એમ. | ૨૫-૫-૯૩ | ૩૧૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૩૬ | આઇ.ટી.એન્જીનીયર | ૩૦-૧૧-૯૦ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૩૭ | એમ.એ. | ૧૭-૧૧-૮૯ | - | આર.સી. | કુંવારી |
| ૫૩૮ | બીએ. માસ્ટર સોશ્યલ વર્ક | ૧૬-૧૧-૮૯ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૩૯ | બીએસસી નર્સીંગ | ૨૦-૫-૯૪ | ૨૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૪૦ | એમ.બી.એ(ફાયનાન્સ) | ૨૨-૫-૯૪ | ૨૫૦૦૦ | અલાયન્સ | કુંવારી |
| ૫૫૦ | ૯ પાસ | ૭-૧૧-૦૧ | - | આર.સી. | કુંવારી |
| ૫૫૧ | બી.એ. | ૨૧-૧૧-૭૯ | - | મેથો. | કુંવારી |
| ૫૫૨ | બી.કોમ. | ૨૭-૯-૭૮ | ૬૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૫૩ | બી.એ. | ૯-૫-૯૫ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૫૪ | પીટીસી,એમ.એ.(અંગ્રેજી) | ૧૯-૧-૯૦ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૫૫ | બીએસસી. બીએડ. | ૨૦-૧૦-૯૦ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૫૬ | એમ.એ.બીએડ (અંગ્રેજી) | ૧૫-૬-૮૨ | ૮૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૨૩ | ફીજીયો થેરાપીસ્ટ(ન્યુઝીલેન્ડ) | ૧૬-૯-૮૭ | - | આઇ.પી. | વિધવા |
| ૨૧ | બી.કોમ.જનરલ નર્સીંગ ( કેનેડા) | ૨૯-૭-૭૮ | ૨૦૦૦ ડોલર | સીએનઆઇ | છુટાછેડા |
| ૨૦૩ | પી.ટી.સી. | ૨૪-૧૨-૯૨ | - | સીએનઆઇ | છુટાછેડા |
| ૨૦૪ | જીએનએમ | ૧૬-૭-૯૪ | ૧૧૫૦૦ | મેથો. | છુટાછેડા |
| ૨૦૫ | એમ.એ. સેનેટરી ઇન્સપેકટર | ૨૬-૧-૯૦ | ૧૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૦૬ | ૧૦ નાપાસ, પ્રિપીટીસી | ૧૬-૧-૮૬ | - | આર.સી. | છુટાછેડા |
| ૨૦૭ | ૧૨ પાસ, એક વર્ષ નર્સીંગ કોર્ષ | ૫-૩-૮૬ | ૧૩૦૦૦ | સા.આર્મી. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર


**ડાયરેકટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**
**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ,**
**નડીયાદનો સંપર્ક કરવો.**
તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે


(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઇન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**



# ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભારે બહુમતીથી વિજય

દેશની ૧૭મી લોકસભાની ચુંટણીના પરિણામો જાહેર થયાં જેમાં ભાજપ અને તેના સાથી પક્ષોનો ઐતિહાસિક વિજય થયો હતો.મોદીએ એકલા હાથે ભાજપને ૩૦૨ સીટો અપાવી હતી. ૫૪૨ કુલ સીટોમાંથી એનડીએને ૩૪૯ સીટો મળી હતી.૧૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ભાજપને ક્લીન સ્વીપ મળી હતી.કોગ્રેસ અને વિપક્ષી દળો પર મોદીનું બુલડોઝર ફરી વળ્યું હતું.કોગ્રેસ ૫૧ અને સાથી પક્ષોની મળીને કુલ૮૦ સીટ પર વિજય થયો હતો.આ વખતની ચુંટણીમાં દેશ માટે કોઇ મહત્વના મુદ્દા નહોતા.મોદી વિરુધ્ધ વિપક્ષ જેમાં મોદીએ વિપક્ષોને ચારેખાને ચિત કરી નાંખ્યા.

મોદીની જીત પાછળ અમિત શાહનો સિંહફાળો છે જેને નકારી શકાય નહીં.દેશના ૧૭ રાજ્યોમાં કોગ્રેસના વળતા પાણી થયા છે.ગુજરાત, રાજસ્થાન, ઉત્તરાખંડ,હિમાચલ પ્રદેશ,દિલ્હી,જમ્મુ કાશ્મીર,આંધ્રપ્રદેશ,મણિપુર, મિઝોરામ, ઓડીશા,અને હરિયાણા, ગોવા, ત્રિપુરામાં કોગ્રેસ ખાતુ જ ખોલાવી શકી નથી.જ્યારે અન્ય રાજ્યોમાં એક કે બે સીટો જીતીને સંતોષ માનવો પડ્યો છે.યુપીમાં ફક્ત રાયબરેલીમાં સોનિયા ગાંધી જીત્યા છે.કોગ્રેસના મહારથીઓ ચુંટણી જંગમાં ફેકાઇ ગયા છે. યુપીમાં પ્રિયંકા ગાંધીને પ્રભારી બનાવીને ચુંટણી પ્રચાર સોપ્યો હતો પરંતુ તે ફલોપ રહ્યા છે.

# કેન્દ્રની સરકારમાં સામેલ થવાના મુદ્દે નીતિશ-જેડીયુની નારાજગી

મોદી સરકારમાં મંત્રીઓએ શપથ ગ્રહણ કર્યા ત્યારે તેમના સહયોગી જેડીયુમાંથી કોઇપણ મંત્રી તરીકે શપથ લેવા આવ્યા નહોતા.હકીકતે જેડીયુને એક કેબિનેટ પદની ઓફર કરી હતી.પરંતુ તેનાથી જેડીયુ સંતુષ્ટ નહોતું.તેથી તેમણે સરકારમાં સામેલ થવાનો નનૈયો ભણ્યો હતો.મીડીયા સાથે વાત કરતાં નીતિશકુમારે કહ્યુ હતું કે ભાજપની દરખાસ્ત અમોને મંજુર નહોતી.તેમણે કહ્યુ હતું કે સરકારમાં પ્રતિકાત્મક ભાગીદારીની જરુર નથી અને કદાચ ભાગીદારી હોય તો બેઠકના પ્રમાણમાં હોવી જોઇએ.તેમણે કહ્યુ હતું કે તેમના પક્ષેકોઇ પ્રધાનપદની માંગણી કરી નહોતી.શપથવિધીમાં ભાગ લીધા પછી પાછા વળ્યા બાદ તેમણે કહ્યુ હતું કે હવે સરકારમાં જોડાવાનો કોઇ પ્રશ્ન જ નથી.



જો કે હજુ પ્રધાન મંડળનું વિસ્તરણ બનશે ત્યારે કેટલાક રહી ગયેલા ચહેરાઓને પ્રાધાન્ય અપાશે તેવું કહેવાઇ રહ્યું છે.ગત વખતના મોદી સરકારમા રહેલા ઘણા પ્રધાનોની તો સમુળગી બાદબાકી જ કરી દેવાઇ છે. કેટલાક નવા ચહેરાઓ છે.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in



**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# લોકસભાની ચુંટણીમાં કુલ ૭૨૪ મહિલાઓ પૈકી ૭૮ મહિલાઓ ચુંટાઇને સંસદમાં પહોચી

૨૦૧૯ની લોકસભાની ચુંટણીઓમાં કુલ ૭૨૪ મહિલાઓ પોતાનુ ભાગ્ય અજમાવવા ઉભી હતી. જે પૈકી ૭૮ મહિલાઓ લોકસભાની ચુંટણીમાં જીતી ગઇ છે અને સંસદમાં તેઓ મહિલાઓનું સ્થાન શોભાવશે.જ્યારે લોકસભામાં ચુંટાયેલા ૫૪૨ સભ્યો શપથ ગ્રહણ કરશે ત્યારે તેમાં ઉત્તરપ્રદેશ અને પશ્ચિમબંગાળથી ૧૧-૧૧ મહિલાઓ સહિત કુલ ૭૮ મહિલાઓ સંસદમાં શપથ ગ્રહણ કરશે.

લોકસભાની ચુંટણીમાં મહિલા ઉમેદવારોમાં કોગ્રેસ તરફથી ૫૪ મહિલાઓ સામેલ હતી. જ્યારે ભાજપ તરફથી ૫૩ મહિલાઓ સામેલ હતી. ૧૪ ટકા મહિલા સાંસદો સાથે,૧૯૫૨થી આ વખતે ૧૭મી લોકસભામાં સૌથી વધુ મહિલા સાંસદો તરીકે ચુંટાઇ છે.અગાઉ ૧૬મી લોકસભામાં કુલ ૬૪ મહિલા સાંસદો હતી.જ્યારે ૧૫મી લોકસભામાં ૫૨ મહિલા સાંસદો હતી.સંસદમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનું બિલ પેન્ડીંગ છે. ૪૧ સીટીંગ મહિલા સાંસદોમાંથી ૨૭ મહિલા સાંસદોમાં સોનિયા ગાંધી, હેમા માલિની અને કિરણ ખેરનો સમાવેશ થાય છે.જ્યારે હવે તેઓની સાથે આ વખતની ચુંટણીમાં વિજય મેળવનારા સ્મૃતિ ઇરાની અને પ્રજ્ઞા ઠાકુર પણ ઉમેરાશે.

સ્મૃતિ ઇરાની આ વખતે અમેઠીમાંથી રાહુલ ગાંધીને હરાવીને ચુંટણી જીત્યા છે.ભાજપના પ્રજ્ઞાસિંહે કોગ્રેસના નેતા દિગ્વિજય સિંહને પરાજય આપ્યો છે.વધુ મહિલાઓ ચુંટાવાથી દેશની મહિલા ગૃહિણીઓની મુશ્કેલીઓ માટે તેઓ કંઇક કરશે તેવી આશા રખાય.

# લોકસભા-૨૦૧૯ની ચુંટણીમાં સૌથી વધુ મુસ્લીમ સાંસદો ચુંટાયા

દેશમાં તાજેતરમાં થયેલી લોકસભા-૨૦૧૯ની ચુંટણીમાં મુસ્લીમ સાંસદોની સંખ્યા વધી છે. ૧૭મી લોકસભામાં સહુથી વધુ મુસ્લીમ સાંસદો ૨૭ની સંખ્યામાં દેશભરમાંથી ચુંટાયા છે. જેનો અર્થ એવો નિકળે કે લોકોએ મુસ્લીમ વર્ગના લોકોને પોતાના હિમાયતી તરીકે ચુંટ્યા છે.

કેટલાક મુસ્લીમ નેતાઓ પૈકી હૈદાબાદના ઔવેસી મુખ્ય છે જેમણે ત્યાની પ્રજાએ ફરીથી એક વાર તેમના પ્રતિનિધિ બનવાની તક આપી છે. જ્યારે યુપીણો ભાજપના સપાટા વચ્ચે સપાના કદાવર મુસ્લીમ નેતા આઝમ ખાન જયાપ્રદાની સામે ચુંટણી જીતી ગયા છે.

ધર્મ,જાતિવાદ અને ખાસ વર્ગ તરફના ખેચાવથી ચુંટણીમાં કેટલાક નેતાઓ ચુંટણી જીતી ગયા છે.અત્યાર સુધી એમ મનાતું હતું કે માત્ર હિદુત્વની લહેર કામ કરે છે પરંતુ આ વખતની ચુંટણીમાં મુસ્લીમ લહેરનો પરિચય થયો છે.દેશ વધુ પડતા ઝનુની લહેરનો ભોગ ના બને તે જોવાનું રહે છે. લોકશાહીનો જવલંત વિજય થાય તે જરુરી છે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# હસમુખો સ્વભાવ દીર્ઘ જીવનનું એક સર્વોત્તમ સાધન છે

'દુ:ખમાં જો સુખની અનુભુતિ ઈચ્છો છો તો હસમુખા બનો 'એવી સંતવાણી છે. હાસ્ય માણસના દુ:ખને ઓગાળી નાંખે છે. માનસિક કે શારીરીક દુ:ખ માણસને ખતમ કરી શકે છે.એમાંથી ઉગરવાનો એક જ ઉપાય છે.તાણમુક્ત બનીને, હસતા રહો.બેકને કહ્યું છે : 'હસમુખો સ્વભાવ દીર્ઘ જીવનનું એક સર્વોત્તમ સાધન છે' જેનો સ્વભાવ હસમુખો છે, એ માણસ પોતાના વિરોધની નકારાત્મક વાતને પણ હકારાત્મક બનાવી દેતો હોય છે.હસમુખો માણસ કયારેય કોઈની વાતનું બુરુ માનતો નથી.તે તો બુરી વાતને પણ હસવામાં લઈ લે છે.આપણે જાણીએ છીએ કે, ખોટી તાણ અનુભવવાથી આપણા શરીરને જ હાનિ થતી હોય છે.હસવાથી મન-મસ્તિકની તાણ ઓછી થાય છે.જે નિર્દભ અને નિર્દોષ રીતે હસી શકે છે,એના જીવનાં કોઈપણ પ્રકારની તાણ આવતી નથી.કોઈપણ વાતને હસી કાઢવી એ મોટી ઘટના છે.નિર્દોષ હાસ્યથી શું થાય ? થેકરે કહ્યું છે : સારુ નિર્દોષ હાસ્ય ઘરમાં સુર્યની જેમ અજવાળું પાથરે છે.આમાં હાસ્યની જે ક્ષમતા છે એનો નિર્દેશ કર્યો છે.હસતા રહો, જીવતા રહો,એ હાસ્ય કેવું ? માત્ર હોઠોનું કે હૃદયનું ? જે માત્ર હસવા ખાતર હસે છે એવા હાસ્યની જરુર નથી.આપણું હાસ્ય પણ હૃદયમાંથી આવવું જોઈએ. જે બીજાના હૃદયને સ્પર્શી શકે. વિકટર હ્યુગોએ કહ્યું છે : મને હોઠ અને હૃદયને ખોલી દે એવું હાસ્ય પ્રિય છે.તથા એ સમયે દાંત અને આત્માનું દર્શન કરાવે છે.માત્ર દાંત દેખાડવાની વાત નથી.પણ આત્માના પણ એમાં દર્શન થાય,એવા હાસ્યની વાત છે.હાસ્યન પણ એક આભા હોય છે.પ્રભાવ હોય છે.જે માણસ હૃદયના ઉંડાણથી હસે છે,એનો પડઘો સામેના હૃદયમાં પડતો હોય છે.કાર્લાઈલે કહ્યું છે : કોઈપણ માણસ જો દિલ ખોલીને હસ્યો હોય,બિલકુલ એવો દુરાચારી હોઈ શકે નહી જેનો પુન :સુધાર થઈ ન શકે.પ્રેમથી પશુ-પ્રાણી પણ વશ થાય છે.હાસ્યથી માણસનું હૃદય પરિવર્તન થઈ શકે છે.બીજાના મનમાં વળેલી જે ગાંઠો છે એ છુટી શકે છે.હાસ્યથી તો પુર્વગ્રહો મટી શકે છે.હાસ્ય તો ઉત્તમ ટોનિક છે.હાસ્યથી માણસ જગતમાં લોકપ્રિયતા પામી શકે છે.

સંત પેમનાએ કહ્યું છે : કોઈ કહે કે, જમીન મારી મિલ્કત છે, તો જમીન હસી પડે છે.કંજુસને જોઈને ધન હસી પડે છે.અને રણથી ડરવા વાળાને જોઈ કાળ અટ્ટહાસ્ય કરે છે. માણસને જેવો ભાવ એવી એમની ભાવના. હાસ્યકાર બીજાને હસાવતો હોય છે.પોતે ગંભીર રહેતો હોય છે.જો પોતે જ હસવા માંડે તો હાસ્યની મઝા મરી જાય છે.શિલરે કહ્યું છે : જ્યારે જોકર સ્વંય હસી પડે છે તો હાસ્યની મજા મરી જાય છે.આ તો જોકરની વાત થઈ, પણ સંસારમં જોકર જેવા ઘણા લોકો જોવા મળતા હોય છે.જે પોતે જ હાસ્યનું પાત્ર બનતા હોય છે.હાસ્ય તો નિરાશાની ગર્તામાં ડુબી ગયેલા માણસની આશાનું કિરણ છે.કોઈએ કહ્યું છે : સ્મિત થાકેલા માટે વિશ્રામ છે.હતોત્સાહ માટે દિવસનો પ્રકાશ છે.ઉદાસ માટે ધુપ અને સુખી માટે પ્રકૃતિનો સર્વોત્તમ પ્રતિકાર છે.આપણું એકાદ સ્મિત બીજાને જીંદગી જીવવાનો ટેકો પુરો પાડી શકે છે.શેક્સપિયરે તેથી તો કહ્યું છે કે, તમારે શું જોઈએ છે? જે કાંઈ પણ જોઈએ તે સ્મિતથી પ્રાપ્ત કરો.જોર જુલમથી નહી.કોઈપણ વસ્તુ આપણે જોર જુલમથી મેળવી શકીએ નહી.જોર જુલમથી મેળવેલ લાંબો સમય ટકતી નથી.પણ જે પ્રેમથી મળે છે. તે કાયમી હોય છે.કોઈ દુ:ખીને આપણું એકાદ સ્મિત એના જીવનને અજવાળી શકતું હોય તો એનો આનંદ કેવો હોય ? કોઈને તમે કશું જ આપી શકો એમ ન હોવ તો એકાદ સ્મિત આપો. ચાર્લ્સ ડિકન્સ કહ્યું છે : જો આપણે જીવનપંથ પર પુષ્પો બીછાવી ન શકીએ તો ઓછામાં ઓછું સ્મિત પાથરી શકીએ છીએ.સ્મિતનો પ્રભાવ કેટલો મહાન છે. એ એમાંથી પ્રગટ થાય છે.આજના જે યંત્રો ચાલે છે.એમાંથી એકાદ ભાગ જો ખોરવાઈ જાય તો યંત્રની ગતિ બંધ થઈ જાય છે.આપણું શરીર પણ એક યંત્ર છે.હાસ્ય એ યંત્રનો ભાગ છે.તેના અભાવથી જીવનરુપી યંત્ર ખોટકાઈ જાય છે.આપણુ જીવનરુપી યંત્ર ખડકી ના પડે એ માટે તેમાં હાસ્યરુપી દિવેલ ઉંઝતા રહેવું પડે છે.

માણસથી માણસને જોડવાનું કામ હાસ્ય કરે છે.કોઈ અપરિચિત હોય, એની સામે સ્મિત આપો.થોડા સમય પછી તમે એકબીજાની નજીક જશો.હાસ્ય તો જીવનનો બગીચો છે. એમાં આનંદરુપી ફુલો ખીલતા રહે અને આપણા જીવનને સુગંધમય બનાવતા રહે છે.મહાત્મા વોલ્ટને કહ્યું છે : હાસ્ય એક અદ્ભુત ઔષધ છે.જે પૌષ્ટીક છે અને એથી બધા પ્રકારનું બળ મળે છે.આ દુ:ખી સંસારમાં હાસ્ય સિવાય બીજુ મોટું અસરકારક ઔષધ ક્યું હોઈ શકે ?માણસ જ્યારે ખડખડાટ હસી પડે છે, ત્યારે એના ચહેરા ઉપર ગુલાબના પુષ્પો ઉગી નીકળે છે.જે ચહેરો ક્યારેય હસી ન શકે તે કયારેય ખીલી શકતો નથી.હાસ્ય તો અંતરમાંથી વહેતું ઝરણું છે.ગમે ત્યા જાઓ, જો હસતા રહેશો તો તમને ઘણા લોકો આવકારશે.તમને મળવા તત્પરતા દાખવશે.પણ જો દિવેલ પીધેલા જેવો ચહેરો લઈને ફરશો તો તમારી સામે જોનાર કોઈ જ નહી હોય.વિનોદવૃત્તિ જ જીવનનો રસ છે.એ રસમાં અન્યને પણ ભાગીદાર બનાવો તો એનો આનંદ બેવડાઈ જશે.થેકરે તો કહ્યું છે : હાસ્ય એક અદ્ભુત પોષાક છે. જે દરેક જગ્યાએ પહેરી શકાય છે.હાસ્યને ભાષાની જરુર નથી.એ દરેક દેશ-કાળમાં હોઈ શકે છે.હાસ્ય કોઈ તલવારના જોરથી મેળવી શકાતું નથી. હસતા હસતા જે મેળવી શકાય છે એ કાયમી યાદ રહે છે. ધનદોલત હોય, પણ હસી શકતા ન હોય તો એનો શો અર્થ ? રેમંડ હિચકોકે કહ્યું છે : જે વ્યક્તિ મુક્ત રીતે હસી શકે છે તે ગરીબ નથી.વિશ્વમાં હાસ્ય જેવી બીજી કોઈ સમૃધ્ધિ હોઈ શકે જ નહી. હાસ્ય માણસને દિલથી દિલને જોડે છે. પાસે લાવે છે, એકાકાર બનાવે છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

## જાણવા જેવું !

માછલીની આંખો પર પાંપણ હોતી નથી.

કાકાકૌઆ તેની કલગીનો ઉપયોગ એકબીજાને ઈશારો કરવા માટે કરે છે.

વીછી રણ પ્રદેશમાં ૧૧૬ ડીગ્રી ફેરનહીટ જેટલી ગરમીમાં પણ જીવતો રહી શકે છે.

છછુંદર એક રાતમાં ૩૦૦ ફુટ ઉંડો ખાડો ખોદી શકે છે.

# મોદી સરકારની કેબિનેટમાં દેશના પહેલા મહિલા નાણાંમંત્રી નિર્મલા સીતારામન



મોદી સરકારની કેબિનેટમાં સ્થાન પામનારા નિર્મલા સીતારામનને નાણાં મંત્રાલયનો હવાલો સોપવામાં આવ્યો છે. તેઓ દેશના પ્રથમ નાણાં મંત્રી બન્યા છે. આ પહેલા તેઓ મોદી સરકારમાં દેશના પ્રથમ મહિલા સંરક્ષણ મંત્રી બન્યા હતા.તેમને નાણાં મંત્રાલયનો હવાલો સોપતાં લોકોને આશ્ચર્ય થયું હતું. તેઓ કોર્પોરેટ એફેર્સ મંત્રાલયનો હવાલો પણ સંભાળશે. તેઓ પાચ વર્ષ સુધી પુરેપુરા સમય માટે નાણાં ખાતું સંભાળશે.મોદીના પહેલા કાર્યકાળમાં તેઓ દેશના પ્રથમ મહિલા સંરક્ષણ પ્રધાન હતા. હવે તેઓ દેશના પ્રથમ મહિલા નાણાંમંત્રી બનતા તેમના નામે આ બંને રેકોર્ડ નોધાયા છે.તેમને નાણા ખાતું સોપવામાં આવતાં દેશના વેપાર ઉદ્યોગ અને બજારોમાં પણ આશ્ચર્ય ફેલાયું હતું. જો કે દેશના કોર્પોરેટ સેકટરની માન્યતાની વિરુધ્ધમાં આ બન્યું હતુ. લોકોની અપેક્ષા હતી કે કદાચ ગોયેલ કે પ્રભુને આ ખાતાનો હવાલો સોપાશે.

ભુતકાળમાં તત્કાલીન વડાપ્રધાન ઈન્દીરા ગાંધીએ ૧૯૭૦-૭૧માં થોડો સમય માટે સંરક્ષણ અને નાણાં મંત્રાલય સંભાળ્યુ હતું.

નિર્મલા સીતારામન ૨૦૦૮માં ભાજપમાં જોડાયા હતા.અને બે વર્ષમાં પક્ષના પ્રવક્તા બન્યા હતા.૨૬મે,૨૦૧૪માં તેમને મોદી સરકારમાં રાજ્યકક્ષાના પ્રધાન બનાવાયા હતા. એ ૩ ડિસેમ્બર ૨૦૧૭માં તેમને સંરક્ષણ મંત્રાલય સોપવામાં આવ્યું હતું.

નાણાં મંત્રી તરીકે નિર્મલા સીતારામનની સામે અનેક પડકારો ઉભા છે.જેનો તેમણે સામનો કરવાનો છે. દેશની પ્રાથમિક સમસ્યા મોઘવારીની છે અને દેશની જનતા નાણાંમંત્રી પાસેથી મોઘવારીમાં રાહત મળે તે માટેની કામગીરી કરવા માટેની છે. ઉત્પાદન ક્ષેત્રે લક્ષ આપીને તેને વધુ ઝડપી બનાવી રોજગારીની તકો ઉભી કરવાનો અથાગ પ્રયત્ન કરવાનો છે. દેશનું યુવાધન બેરોજગાર છે અને તેમને રોજગારી પુરી પાડવા માટે ભારે મહેનત કરવાની છે અને દેશના યુવા મતદારોએ રાખેલ અપેક્ષા પુરી કરવાની છે.રોજગારીના નવા સંસાધનો ઉભા કરવા નાણાં મંત્રાલય તરફથી અગ્રેસર કદમ ઉઠાવવાના છે.જીએસટીના માળખાને લીધે દેશના વેપારી અને ઉદ્યોગકારોને તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે.જેને સુધારીને સરખુ કરીને આર્થિક તંત્રને બેઠુ કરવાનું છે.પાંચ બેન્કોનું મર્જરનું કામ બાકી છે અને તે કરીને બેન્કોની સ્થિતિ મજબુત બને તે દિશામાં આગળ વધવાનું છે. દેશની મોટી બેન્કોની સ્થિતિ નબળી છે.ફુગાવો વધ્યો છે તેને નાથવાનો છે.ભાવ ઘટાડવા માટે અન્ય કેટલાંક પગલાં લેવા આવશ્યક છે. તે લેવા પડશે.રેલ્વે,રસ્તા,બંદરો અને પોર્ટ ક્ષેત્રના વિકાસ માટે સરકારની આવકમાં વધારો કરવો પડશે પરંતુ પ્રજાને લુંટીને નહી.


ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.